GJBK040003902005

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩/૦૫/૧૯૯૯ | | |
| નોંધ્યા તારીખ | ૧૩/૦૫/૧૯૯૯ | | |
| ફેંસલ તારીખ | ૦૧/૦૪ /૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૨૬ | ૧૦ | ૧૯ |

**મે. ડીસા ના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ (કુ. યુ.એમ.આહિર સાહેબ)ની કોર્ટ, મુકામ:– ડીસા.**

**<u>ફોજદારી કેસ નં.૧૮૩૯/૨૦૦૫</u>**
**જુનો ફોજ.કેસ નં.૩૮૩/૧૯૯૯**
**જુનો ફોજ.કેસ નં. ૭૦૫/૨૦૦૪**
**આંક–૨૪૦**

| | |
|---|---|
| **ફરીયાદીઃ–** | શ્રી સરકાર |
| | **વિરૂઘ્ઘ** |
| **આરોપીઓઃ–** | (૧) મીનાબેન પરસોતમદાસ પટેલ<br>રહે.ભાન્ડુ, તા. વિસનગર, જી. મહેસાણા।<br>(૨) દિનેશકુમાર મફતલાલ પટેલ<br>રહે.ભાન્ડુ, તા. વિસનગર, જી. મહેસાણા।<br>(૩) નટવરભાઈ ખોડાભાઈ પટેલ<br>રહે. મહેસાણા, તા.જી. મહેસાણા।<br>(૪) જયંતિભાઈ શંકરભાઈ દરજી **( એબેટ)**<br>રહે.મહીચલ,તા. ખેરાલુ, જી. મહેસાણા। |

| | |
|---|---|
| | (૫) માનસંગભાઈ બેચરભાઈ પટેલ<br>રહે.મહીચલ,તા. ખેરાલુ, જી. મહેસાણા<br>(૬)ભરતભાઈ હરજીભાઈ ચોવટીચા પટેલ<br>રહે. અમદાવાદ, સુર્યકુંજ સોસાયટી, તા.જી. અમદાવાદ |
| **ગુન્હોઃ-** | **ભારતીય ફોજદારી ધારા ૧૮૬૦ ની કલમ- ૧૯ ૮, ૧૯૯,૨૦૦, ૪૬૫,૪૬૮,૪૭૧ મુજબ..** |
| ફરીયાદપક્ષે | વિ.એ.પી.પી.શ્રી જી.એચ.આલ |
| આરોપી પક્ષે | નં.૧,૨ તરફે વિ.વ.શ્રી આર.એન. ચૌધરી<br>નં.૩,૫ તરફે વિ.વ.શ્રી. એન.એમ.ચાવડા<br>નં.૬ તરફે વિ.વ.શ્રી. ટી.સી. જોષી |

**JUDGEMENT**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ બનાસકાંઠા જીલ્લામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા હોય અને તેના પતિ પોતાના વતનમાં મહેસાણા જીલ્લામાં રહેતા હોય જીલ્લા ટ્રાન્સફર બદલી કરાવવા માટે પોતાના પતિ આરોપી નં.૨ ને કેન્સરની બિમારી હોવાનું ખોટું પ્રમાણપત્ર મેળવી તે સર્ટીફીકેટ બદલી કરાવવા બદલી ફોર્મમાં આરોપી નં.૧ નાએ તા. ૨૭/૭/૯૨ ના પ્રા.શાળા રાનેરમાં રજુ કરી તેમજ આરોપી નં. ૨,૩,૪,૫,૬ નોએ આ કેન્સરનું સર્ટીફીકેટ મેળવવા બનાવવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે, જે બાબતે ફરીયાદીએ આરોપીઓ સામે પોલીસમાં ફરીયાદ આપતાં, સદરહુ શિહોરી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૫/૯૮ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૯૮,૧૯૯,૨૦૦, ૪૬૫,૪૬૮, ૪૭૧ મુજબનો ગુન્હો નોધવામાં આવેલ હતો.

(૨) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩("સંહિતા") ની કલમ-૧૬૧ અન્વયે ગુન્હાથી વાકેફ સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી, આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ-૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩) ત્યારબાદ આરોપીઓ સામે સમંસ કાઢતાં આરોપી નં.૪ નો સમંસ લગત મરણ પત્ર રજુ થતાં મરણ પ્રમાણપત્રના આધારે આરોપી નં. ૪ સામેનો કેસ એબેટ કરવાનો હુકમ આંક-૧ લગત કરવામાં આવેલ અને આરોપી નં.૧,૨,૩,૫,૬ અત્રેની કોર્ટમાં મુદતે હાજર થતાં આરોપીઓ સામે આંક-૫૦ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીઓના અનુક્રમે આંક-૫૧ થી ૫૫ સુધી જવાબ/પ્લી નોધવામાં આવતાં આરોપીઓ તેઓની સામેનાં ગુન્હાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **(અ) મૌખીક પુરાવાઓ -** | | |
|---|---|---|
| **ક્રમ** | **પુરાવાઓનું વર્ણન** | **આંક** |
| ૧. | ફરીયાદી હસુમતીબેન બાબુલાલ પરમાર ની જુબાની | ૧૧૧ |
| ૨. | સાહેદ ડો. દિપકકુમાર પરસોતમદાસ રાઠોડની જુબાની | ૧૮૬ |

| **(બ) દસ્તાવેજી પુરાવાઓ -** | | |
|---|---|---|
| **ક્રમ** | **પુરાવાઓનું વર્ણન** | **આંક** |

| | | |
|---|---|---|
| ૧. | મેડીકલ સર્ટીફીકેટ | ૧૧૨ |
| ૨. | બદલી માટે કરેલ અરજી | ૧૧૩ |
| ૩. | મેડીકલ સર્ટીફીકેટની ચકાસણી કરવા માટે લખેલ પત્ર | ૧૧૪ |
| ૪. | ફરીયાદ | ૧૧૫ |

(૫) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતાં આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| ઃ મુ દ્દા ઓ ઃ | | |
|---|---|---|
| **ક્રમ** | **મુદ્દા** | **નિર્ણય** |
| ૧. | શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામના આરોપી નં. ૧ બનાસકાંઠા જીલ્લામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા હોય અને તેના પતિ પોતાના વતનમાં મહેસાણા જીલ્લામાં રહેતા હોય જીલ્લા ટ્રાન્સફર બદલી કરાવવા માટે પોતાના પતિ આરોપી નં.૨ ને કેન્સરની બિમારી હોવાનું ખોટું પ્રમાણપત્ર મેળવી તે સર્ટીફીકેટ બદલી કરાવવા બદલી ફોર્મમાં આરોપી નં.૧ નાએ તા. ૨૭/૭/૯૨ ના પ્રા.શાળા રાનેરમાં રજુ કરી તેમજ આરોપી નં. ૨,૩,૪,૫,૬ નાોએ આ કેન્સરનું સર્ટીફીકેટ | નકારમાં |

| | | |
|---|---|---|
| | મેળવવા બનાવવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૯૮,૧૯૯, ૨૦૦, ૪૬૫,૪૬૮, ૪૭૧ મુજબનો ગુનો કરેલ છે ? | |
| ૨ | શું હુકમ | આખરી હુકમ મુજબ |

## // **તારણો** //

(૮) પક્ષકારોની રજુઆતો સાથે રેકર્ડ પર રજુ થયેલ પુરાવા ઘ્યાને લીઘા અને તે સાથે કાર્યવાહીના પુરાવાના મુલ્યાંકન અંગે જોઈએ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદી પક્ષે આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુનાની હકીકતન નિ:શંકપણે પુરવાર કરવી પડે એટલે કે ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદ પક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે? તે સાહેદોની સંખ્યા મહત્વની હોતી નથી પરંતુ જો ફરીયાદ પક્ષના એકપણ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનું પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વશનીય અને આઘાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે અને જો ફરીયાદ પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ છે.

વઘુમાં, એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ-૧૩૪ જોતાં "Number Of Witnesses- No Particular Number of Witnesses Shall in Any Case be Required For the Proof of Any Fact."

(૯) <u>કાનૂનિ પરિસ્થિતિ</u>

અદાલતે ફોજદારી કેસના ન્યાયિક નિર્ણય વખતે પુરાવાનુ પૃથ્થકરણ તથા મૂલ્યાંકન કરતી વખતે નામ. સુપ્રિમ કોર્ટે ***કે.એમ.નાણાંવટી***

***વિરુઘ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર*** **(એઆઈઆર-૧૯૬૨ સુપ્રિમ કોર્ટ ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિઘ્ધાંતો અદાલતે ઘ્યાને રાખવા જરુરી બને છે.

(૧) ફરિયાદ પક્ષે આરોપી ઉપર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

(૨) સમગ્ર ટ્રાયલ દરમ્યાન પુરાવાનો બોજો શરુઆતથી અંત સુધી ફરિયાદ પક્ષ ઉપર રહે છે.

(૩) આરોપીનુ આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદ પક્ષે પુરવાર કરવાની રહે છે.

(૪) અપવાદરુપ સંજોગોનુ અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનુ રહે છે.

(૫) પોતાનુ કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનુ છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(૬) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી શકે છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે, અથવા ફરિયાદ પક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનુ ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

**(૧૦) <u>પુરાવાકીય મુલ્યાંકન:-</u>**

વધુમાં ફરીયાદપક્ષે આંક-૧૧૧ થી ફરીયાદી હસુમતીબેન બાબુલાલ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ એવી

હકીકતો જણાવેલ છે કે,હું બનાવ સમયે શિહોરી મુકામે કેળવણી નીરીક્ષક તરીકે ફરજ બજાવતી હતી. તા. ૬/૧૨/૯૭ થી મે કેળવણી નીરીક્ષક તરીકેનો ચાર્જ સંભાળેલો. આકોલી પ્રાથમીક શાળા કેળવણી નીરીક્ષક તરીકે મારામાં આવતી હતી. સને ૧૯૮૫ થી મીનાબેન પરસોતમદાસ પટેલ આકોલી પ્રાથમીક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેઓએ બનાસકાંઠા જીલ્લામાંથી મહેસાણાજીલ્લામાં બદલી કરાવવા માટે સને ૧૯૯૧ ની સાલમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફતે જીલ્લા પ્રાથમીક શિક્ષણ અધિકારીને અરજી કરેલી. મીનાબેનેતેમના પતિ દિનેશભાઈને કેન્સરની બિમારી હોવાનુ સર્ટીફીકેટ રજુ કરેલું. જે સર્ટીફીકેટ કેન્સર એન્ડ રીચર્સ ઈન્સ્ટીટયુટ એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ અમદાવાદનું હતું. જે તારીખ ૨૧ /૩/૯૪ નું હતું. સર્ટીફીકેટ નં. ૦૧૧૧૭ હતો. મને સદરહું સર્ટીફીકેટની ખરી નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે બદલીની દરખાસ્તના અરજી ફોર્મ સાથે રજુ થયેલ હતું તેજ છે. સદરહુ સર્ટીફીકેટને આંક આપવા સામે બચાવપક્ષનો વાંધો હોઈ દસ્તાવેજ પુરવાર કરવાની શરતે ટેન્ટીવ આંક-૧૧૨ આપવામાં આવે છે. મીનાબેને જીલ્લા ફેરબદલી માટેની અરજી કરેલ હતી જેની ખરી નકલ મને બતાવવામાં આવે છે .જેના પર પ્રાથમીક જીલ્લા શિક્ષણાધિકારીની સહી છે. જેને રજુ ટેન્ટેટીવ આંક-૧૧૩ આપવામાં આવે છે. સદરહું અરજી ફોર્મ આંક-૧૧૨ વાળા સર્ટીફીકેટ સાથે મહેસાણા જીલ્લા પંચાયતના શિક્ષણા અધિકારીને મોકલતાં તેઓએ કેન્સરનું સર્ટીફીકેટ ચકાસણી માટે કેન્સર હોસ્પીટલ અમદાવાદને મોકલતાં ચકાસણી દરમ્યાન સદરહું સર્ટીફીકેટ બોગસ હોવાનું માલુમ પડેલ અને આ સર્ટીફીકેટ બોગસ છે તેવું અમને ડીપીઓ દ્વારા જાણ કરવામાં આવેલી.એન.પી. શાહ કેન્સર હોસ્પીટલ દ્વારા આંક-૧૧૨ વાળું પ્ર

માણપત્ર બોગસ હોવાની જાણ કરતો પત્ર જીલ્લા પ્રાથમીક શિક્ષણા અધિકારી મહેસાણાને મોકલવામાં આવેલું. મને સદરહું પત્રની ખરી નકલ બતાવવામાં આવે છે જે મે ફરીયાદ સમયે તપાસ કરનાર અધિકારી રુબરુ રજુ કરેલ તેજ છે. સદરહું પત્રને આંક આપવા સામે બચાવપક્ષને વાંધો હોઈ જેને પુરવાર કરવાની શરતે ટેન્ટેટીવ આંક–૧૧૪ આપવામાં આવે છે. બનાસકાંઠા પ્રાથમીક શિક્ષણા અધિકારીશ્રીએ આરોપીએ ખોટું સર્ટીફીકેટ રજુ કરેલ હોય તે અંગે ફરીયાદ કરવા અમોને અધિકૃત કરતાં અમોએ તા. ૩૧ /૩/૯૮ ના રોજ આરોપી વિરુધ્ધ કાર્યવાહી થવા પોલીસ સબ ઈન્સ્પેકટર શિહોરી પો.સ્ટે.ને ઉદ્દેશીને ફરીયાદ આપેલી. જેના પર કેળવણી નીરીક્ષક તાલુકા પંચાયત કાંકરેજનું સીલ અને મારી સહી છે. જેને રજુ ટેન્ટેટીવ આંક–૧૧૫ આપવામાં આવે છે. ફરીયાદ સબંધે ત.ક.અમલદારે તા. ૪/૪/૯૮ ના રોજ મારું વધારાનું નિવેદન નોંધેલું.

આ ફરીયાદીની બચાવપક્ષ દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છેકે આક્ષેપાયેલ જીલ્લા ફેરની અરજી આરોપી નં. ૧ એ કરી તે અરજી બાબતે મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આવી અરજી મુજબ શિક્ષક કે તાલુકા વિકાસ અધિકારી મારફતે આવેલ આક્ષેપાયેલ ખોટા પ્રમાણપત્રો કોણ અને કયાંથી લાવ્યું તેની મને જાત માહીતી નથી, ફરીયાદ કરવા મને જીલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારીશ્રીએ જણાવેલું. એ વાત ખરી છે કે, મને મળેલા દસ્તાવેજો આધારે મે ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ મે પોલીસમાં આપેલી.

વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૮૬ થી સાહેદ ડો.દિપકકુમાર પુરસોતમદાસ રાઠોડ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ એવી હકીકતો જણાવેલ છે કે,હુ સને ૧૯૯૨ ની સાલથી ધી ગુજરાત

કેન્સર એન્ડ રીચર્સ ઈન્સ્ટીટયુટ( એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ) અમદાવાદ મુકામે ચીફ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવું છું. મને ટેન્ટેટીવ આંક–૧૧૨ નું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે. જે પ્રમાણપત્ર દિનેશચંદ્ર મફતલાલના નામનું છે. જે મેડીકલ સર્ટી. જોઈને જણાવું છું કે આવું કોઈ મેડીકલ સર્ટીફીકેટ અમારી હોસ્પીટલમાંથી ઈસ્યુ કરવામાં આવેલ નથી અને સદરહું સર્ટીફીકેટમાં જણાવેલ રજીસ્ટ્રેશન નંબર ૦૦૧૧૧૭ દર્શાવવામાં આવેલ છે તેવા કોઈ દર્દીની નોંધણી અમારી હોસ્પીટલમાં થયેલ નથી અને સદરહુ સર્ટીફીકેટની ચકાસણી માટે જીલ્લા પ્રાથમીક શિક્ષણા અધિકારી મહેસાણાએ પત્ર લખતા અમારી હોસ્પીટલથી તા. ૨/૧૦/૯૨ ના રોજ તેઓને પત્ર પાઠવી જણાવેલ છે કે સદરહુ સર્ટીફીકેટ બોગસ જણાય છે અને સર્ટીફીકેટમાં જણાવેલ કેસ નંબર ખોટા છે અને સર્ટીફીકેટમાં જણાવેલ દર્દીની નોંધણી અત્રે કરાવેલ નથી. જે પત્ર આ કામે ટેન્ટેટીવ આંક–૧૧૪ થી રજુ છે તે તેજ છે.

આ સાહેદની બચાવપક્ષ દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતો નો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે, હુ ધી ગુજરાત કેન્સર એન્ડ રીચર્સ ઈન્સ્ટીટયુટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ) અમદાવાદ મુકામે ચીફ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવું છું. તે બતાવતો કોઈ આધાર કોર્ટમાં રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે મારી પાસે મારું અસલ આઈકાર્ડ લાવેલ છું. અને હું કોર્ટના સમન્સથી આવેલ છું. એ વાત ખરી છે કે આ કામે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી.એ વાત ખરી છે કે પટેલ દિનેશચંદ્ર મફતલાલ પટેલનું સર્ટીફીકેટ ઈસ્યુ અમારી હોસ્પીટલમાંથી થયેલ નથી તેવું જણાવું છું તે સમય દરમ્યાન અમો આ હોસ્પીટલમાં ફરજ બજાવતા ન હતા. એ વાત ખરી છે કે મને આ સર્ટીફીકેટ ઈસ્યુ ાબતે જાત માહીતી નથી પરંતુ હું રેકર્ડ આધારે જણાવું છું. એ વાત ખરી છે કે આ સર્ટીફીકેટ ઈસ્યુ થયેલ તે

સમયનું હું રેકર્ડ લાવેલ નથી કે તે રેકર્ડ અત્રે આવતા અગાઉ મે જોયેલ નથી. સાહેદ જણાવે છે કે મારે અહી શા માટે આવવાનું હતું તેની મારી પાસે માહીતી હતી નહી જેથી મે રેકર્ડ જોયેલ નથી. એ વાત ખરી છે કે જીલ્લા શીક્ષણ અધિકારીને જે પત્ર અમારી કચેરીથી લખવામાં આવેલ તે પત્રમાં મારી સહી નથી. ટેન્ટેટીવ આંક-૧૧૪ વાળા પત્રની અસલ અમો લાવેલ નથી કે તેની ઓફીસ કોપી અમો લાવેલ નથી તથા આ દસ્તાવેજ અસલ નથી પરંતુ ઝેરોક્ષ છે.

**વધુમાં આ કામે રેકર્ડ જોતાં સાહેદ એમ.એ.શાહ, ધી ગુજરાત કેન્સર રીચર્સ ઈન્સ્ટીટયુટ , કેન્સર હોસ્પીટલ અમદાવાદ નાઓનો આંક-૨૨૯ થી, સાહેદ પી.એસ.ઓ વશરામભાઈ મોતીભાઈ, શિહોરી પો.સ્ટે.નાઓનો આંક-૨૩૦ થી, સાહેદ રાજુભાઈ ચૌહાણ જીલ્લા પંચાયત બનાસકાંઠા પાલનપુર નાઓનો આંક-૨૩૧ થી, સાહેદ હસમુખભાઈ જુ.કલાર્ક તાલુકા પંચાયત કાંકરેજ નાઓનો આંક-૨૩૨ થી તથા સાહેદ માનસંગભાઈ બેચરભાઈ પટેલનો આંક-૨૩૩ થી સાહેદ સમંસો વગર બજે આવેલ છે.આમ આ તમામ સાહેદોના સંમસની બજવણી કોઈક કારણોસર થઈ શકેલ ન હોય આ તમામ સાહેદોને આ કામે તપાસી શકાયેલ નથી.**

(૧૧) આરોપી સામે ઈ.પી.કો.કલમ-૪૬૫,૪૬૮,૪૭૧ મુજબના ગુનાના આક્ષેપો છે. ઈ.પી.કોડની કલમ-૪૬૭ મા ચોકકસ પ્રકારના ખોટા દસ્તાવેજ બનાવવાના ગુનાની શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે, પરંતુ ખોટા દસ્તાવેજ બનાવવાના ગુનાની વ્યાખ્યા ઈ.પી.કોડ ની કલમ-૪૬૩ માં કરવામાં આવેલ છે.આ કલમના તત્વો નીચે મુજબ છે.

*કલમના તત્વો :-*

*(૧) કોઈ દસ્તાવેજ બનાવવો અથવા તો દસ્તાવેજનો કોઈ ભાગ તૈયાર કરવો*

*(૨) આમ કરવાનો ઈરાદો*

*(એ) (૧) જાહેર જનતાને અથવા*

*(૨) કોઈપણ વ્યકિતને નુકશાન કરવાનો હોવો જોઈએ અથવા*

*(બી) કોઈ મીલ્કતને અધીકાર કે માલીકી હકને આધાર આપવાનો હોવો જોઈએ અથવા*

*(સી) કોઈ વ્યકિત એની મીલકત આપી દે તેવો હોવો જોઈએ અથવા*

*(ડી) કોઈ વ્યકિત સ્પષ્ટ અથવા ગર્ભીત કરાર કરે એવો હોવો જોઈએ*

*(ઈ) કપટ કરવાનો અથવા કપટમાં પરીણમશે.*

કાયદાની સદરહુ જોગવાઈ તથા હાથ ઉપરના કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો ઘ્યાને લઈ હવે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ–૪૬૭ અન્વયેના આરોપી સામેના આક્ષેપો અંગે ચર્ચા કરીએ તો, ઈ.પી.કો. કલમ–૪૬૭ ની જોગવાઈ નીચે મુજબ છે.

***કલમ–૪૬૭ : કિંમતી જામીનગીરી, વસિયતનામુ વગેરેનુ કુટલેખન :–***

*'' કોઈપણ વ્યકિત, કોઈ કીમતી જામીનગીરી અથવા વસિયતનામુ અથવા પુત્ર દત્તક લેવાનો અધિકારપત્ર હોવાનુ જણાતુ હોય તેવો દસ્તાવેજ અથવા કોઈ કીમતી જામીનગીરી બનાવવાનો અથવા તેને તબદીલ કરવાનો અથવા મુદર રકમ, તેનુ વ્યાજ કે ડિવીડન્ટ સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનુ જણાતુ હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણા મળવાની પહોંચ અથવા પાવતી અથવા કોઈ વસ્તુ કે કીમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનુ જણાતુ હોય તેવા દસ્તાવેજની બનાવટ કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.''*

આ કામે આરોપી સામે બનાવટી દસ્તાવેજો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરેલ હોવાના ફરીયાદપક્ષના આક્ષેપો છે ત્યારે સૌપ્રથમ તો ફરીયાદપક્ષે આરોપીએ બનાવટી દસ્તાવેજ બનાવેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરવુ જોઈએ. હાલના કેસમાં ફરયાદપક્ષે કાયદાનો સ્પષ્ટ સિધ્ધાંત છે કે જેના માથે પુરાવાનો બોજો હોય તે પક્ષકારે પોતાની પાસેના શ્રેષ્ઠ પુરાવાથી પોતાની હકિકત પુરવાર કરવી પડે. વળી **ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨** ની **કલમ–૬૧** મુજબ દસ્તાવેજમાં ના કન્ટેન્ટસ પ્રાથમિક પુરાવાથી અથવા દસ્તાવેજી પુરાવથી પુરવાર કરી શકાશે તેવી જોગવાઈ છે. પરંતુ આ કાયદાની **કલમ–૬૫** માં કેટલાક વિશિષ્ઠ સંજોગો દર્શાવેલા છે કે જેમા ગૌણ પુરાવો આપી હકિકત પુરવાર કરી શકાય. પરંતુ હાલના **કલમ–૬૫** અન્વયેના કોઈ ખાસ સંજોગો નથી. વળી ફરીયાદપક્ષ પાસે અસલ બનાવટી દસ્તાવેજ ઉપલબ્ધ ના હોવાનો પણ ફરીયાદપક્ષનો કેસ નથી. છતા આ કામે આક્ષેપિત બનાવટી દસ્તાવેજ અસલમા રજુ રાખેલ ના હોય જે બાબત પણ ફરીયાદપક્ષના કેસ માટે ધાતક નીવળે તેમ છે. કારણ કે આ સંબંધે નામ.અલ્હાબાદ હાઈકોર્ટનો **(1988) 1 618 Crimes** માં રીપોર્ટેડ ***Ram Pratap Singh, vs Amar Nath Singh*** વાળો ચુકાદો ધ્યાને લઈએ તો તેમાં નામ.હાઈકોર્ટે સ્પષ્ટ ઠરાવેલ છે કે,

*5.The basic ingredient of the offence under S. 471, of the I.P.C. is the fact of the forgery of the document. If the document on the basis of which certain advantage had been obtained, is not a forged document, then no case under S. 471 I.P.C. can be contemplated. <u>In order to prove this forgery, the original document was the best evidence.</u> This document is missing from the file. It was not available at the time when the two courts disposed of the case, although*

*before the learned Magistrate the original documents had come and were on the record. The learned Sessions Judge has unnecessarily drawn an inference that these documents are missing from the file at the instance of the revisionist. No such inference can be drawn. There is no evidence to that effect. During cross-examination of Amar Nath Singh, a clear cut question was put to him to the effect that these documents did bear his signatures. The accused-revisionist could not have shown anything more than this. The burden of proof was upon the complainant to show that the signatures on these documents were not his signatures but had been forged out. For that his statement alone would not have been sufficient. No expert-evidence was brought on the record and no attempt for the same was made.* ***Under these circumstances, when the documents are missing it cannot be presumed that the documents were forged*** *and the learned Sessions Judge has not come to a justifiable conclusion that since the documents are missing, hence the circumstances only point to the fact that they have been done away with by the revisionist. When reliance is to be placed upon a circumstance to come to a conclusion, then the circumstance mast point to one conclusion only. This is not possible in this case. Under these circumstances, in my opinion, there was no justification for the conviction of the revisionist under section 471, I.P.C.*

નામ. દિલ્હી હાઈકોર્ટના **2005 (121) DLT 522** માં રીપોર્ટેડ ***Lata Khanna Versus State Of Delhi*** વાળા ચુકાદામાં નામ.હાઈકોર્ટે સ્પષ્ટ ઠરાવેલ છે કે**,**

> *6. In the case of K.V.R Iyyanger v. State of Andhra Pradesh, 1988 (2) CRIMES VIII 882 it was held, that in order to establish an offence of forgery under section 463 ipc punishable under section 465 ipc* ***the presence of the original document before the court concerned is necessary. Copy or photo stat copy is not sufficient in order to establish offence of forgery. In the present case also the original was never produced in that court nor it was proved in the court in accordance with law hence the offence of forgery or using the said forged document has not been proved.*** *Once the offence of forgery is not proved there is no question of using the forged document as genuine. Accordingly the accused persons cannot even by convicted under Section 465/468/471/120-B of IPC.*

**(૧૨)** આમ**,** ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામે સૌપ્રથમ તો આરોપી સામે ફરીયાદ દાખલ કરતાં અગાઉ સરકારનું કોઈ સેન્સંગ મેળવેલ હોય તેવું પણ રેકર્ડ ઉપરથી જણાતું નથી. આ કામે ફરીયાદપક્ષ તરફથી ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટનો કોઈ ઓપીનીયન પણ રજુ થયેલ નથી કે આવા કોઈ એફ.એસ.એલ અધિકારી કે ફીંગર પ્રિન્ટના કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.ફકત દસ્તાવેજોને આંકે પાડવાથી તે ફરીયાદ હકીકતને પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ અન્ય સાહેદોને અવાર નવાર પ્રોસેસ બજવવા

માટે પ્રયત્નો કરવા છતાં સાહેદોને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી. સદર કેસ ખુબજ જુનો હોય અને બજવણીના વધુ પ્રયત્નો કરવામાં આવશે તો પણ સાહેદો હાલમાં કે નજીકના ભવિષ્યમાં પણ મળી આવવાની કોઈ શકયતા જણાતી નથી. જેથી ફરીયાદપક્ષ એવું સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે કે આ કામના આરોપીઓએ જ ખોટું બનાવટી મેડીકલ સર્ટીફીકેટ બનાવેલ છે. હાલના ગુનાના કામે આ આરોપીઓએ જ આ છળકપટ ફ્રોડયુલેન્ટ દસ્તાવેજ ફોરજડ કરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. ફકત દસ્તાવેજો આંકે પાડવાથી તે ફરીયાદ હકીકતને પુરવાર થયેલ માની શકાય નહી.આમ જયારે જેને શ્રેષ્ઠ પુરાવો કહેવાય તે આક્ષેપિત બનાવટી દસ્તાવેજો જ ફરીયાદપક્ષે રજુ કરેલા ના હોય ત્યારે આવા આક્ષેપિત બનાવટી દસ્તાવેજ રજુ કર્યા વિના માત્ર મૌખિક પુરાવા આધારે આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય નહી તેમ આ અદાલતનું નમ્રપણે માનવું છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓ જોતા ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૯૮,૧૯૯,૨૦૦,૪૬૫,૪૬૮, ૪૭૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપયુકત અપરાધને શંકાથી પર પુરવાર કરી શકેલ નથી તેમજ સદર કેસ ઘણો જુનો હોય, તે હકીકત ધ્યાને લેતાં તથા નામદાર હાઈકોર્ટ તરફથી અવાર–નવાર જુના કેસો ઝડપી નિકાલ કરવા સારુ આદેશાત્મક સુચનો આપવામાં આવેલ છે તેમજ સદર કેસ હવે વધુ સમય માટે લંબાવવો તે યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતુ ન હોય આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી નં.(૧) મીનાબેન પરસોતમદાસ પટેલ રહે.ભાન્ડુ, તા. વિસનગર, જી. મહેસાણા, નં.(૨) દિનેશકુમાર

મફતલાલ પટેલ, રહે.ભાન્ડુ, તા. વિસનગર, જી. મહેસાણા, નં.(૩) નટવરભાઈ ખોડાભાઈ પટેલ, રહે. મહેસાણા, તા.જી. મહેસાણા,નં.(૫) માનસંગભાઈ બેચરભાઈ પટેલ, રહે. મહીચલ, તા. ખેરાલુ, જી. મહેસાણા તથા નં.(૬)ભરતભાઈ હરજીભાઈ ચોવટીયા પટેલ, રહે. અમદાવાદ, સુર્યકુંજ સોસાયટી, તા.જી. અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૯૮,૧૯૯,૨૦૦,૪૬૫, ૪૬૮,૪૭૧ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં. ૪ નો મરણના દાખલા આધારે તેમની સામેનો કેસ એબેટ કરવાનો આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

(૩) વધુમાં, દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ) મુજબ અપીલ પીરીયડ સુધીના રૂપીયા ૫,૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૧, માહે એપ્રિલ, સને– ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૦૧/૦૪/૨૦૨૬**
**ડીસા .**

**( ઉર્મિલા મનુભાઇ આહિર)**
**એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ડીસા**
**કોડ નં. જી. જે. ૦૧૪૭૩**